Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

31 ઓગસ્ટ, 2021 /10919

પ્રતિ,

**શ્રી નીતિનભાઈ પટેલ**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત સરકાર
ગાંધીનગર

**માનનીયશ્રી,**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તરફથી શુભેચ્છાઓ.

આપશ્રી વિદિત છો તેમ કાપડ અને ટેક્ષટાઈલ ક્ષેત્રોમાં ગુજરાત રાજ્ય ઝડપી પ્રગતિ કરી રહ્યું છે. આ પ્રગતિનું મૂળભૂત કારણ ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી – ૨૦૧૨ ને ગણી શકાય. આ ટેક્ષટાઈલ પોલીસી દૂરદર્શી તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા જાહેર કરવામાં આવી હતી. ગુજરાત ટેક્ષટાઈલ પોલીસી – ૨૦૧૨, નો મુખ્ય હેતુ ગુજરાત રાજ્યમાં ફાર્મ ટૂ ફોરેન (ફાર્મ-ફાઈબર-ફેબ્રિક-ફેશન-ફોરેન) સુધી રાજ્યની સમગ્ર ટેક્સટાઇલ વેલ્યુચેનને વેગ આપવા અને ગુજરાત ને ફરી સમગ્ર દેશમાં ટેક્ષટાઈલ ક્ષેત્રમાં અગ્રેસર કરવાનો હતો .

હાલમાં ગુજરાત રાજ્યના ટેક્સટાઇલ ક્ષેત્રની વર્તમાન સિદ્ધિઓ નીચે મુજબ છે :

1. ગુજરાત રાજ્યમાં સમગ્ર દેશમાં સૌથી વધુ કપાસનું ઉત્પાદન કરે છે અને ભારત દેશના કપાસના પાકનો આશરે 1/3 ભાગ ગુજરાત ઉત્પાદન કરે છે.

2. હાલ ગુજરાતમાં આશરે સ્પીનીંગ ઉદ્યોગ ક્ષેત્રમાં લગભગ 45 લાખ અત્યાધુનિક સ્પિન્ડલ્સ કાર્યરત છે.

3. ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં ડેનિમ નો સૌથી વધુ ઉત્પાદન કરતો રાજ્ય છે

4. શટલ-લેસ લૂમ્સમાં ગુજરાત ભારતમાં બીજા ક્રમે છે

5. તૈયાર ફેબ્રિક અને પ્રોસેસિંગ ક્ષેત્રે ગુજરાત રાજ્ય ભારતમાં પ્રથમ ક્રમે છે.

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

ટેક્ષટાઈલ ઉદ્યોગને વર્તમાનમાં કોવીડ-૧૯ને કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, અંગે આ ટેક્સટાઇલ ઉદ્યોગ ને ટકાવવા માટે તેમજ તેના ભવિષ્યની કાળજી લેવા માટે નીચે મુજબના સૂચનો આપશ્રી ની જાણ સારું રજુ કરીએ છીએ .

1.કેન્દ્રના માનનીય નાણાંમંત્રી દ્વારા ભારતમાં નવા 7 ટેક્સટાઇલ્સ મેગાપાર્કની ઘોષણા કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં આ પૈકીના 2 મેગાટેક્સટાઇલ પાર્ક સ્થાપાવા અને તે દિશામાં આગળ કામ કરવા અમારું સુચન છે. આ ૨ (બે) ટેક્સટાઇલ્સ મેગાપાર્કની સ્થાપના કરવામાં માટે ભલામણ કરે અને આ બે મેગા પાર્ક પૈકી એક અમદાવાદ અને સૌરાષ્ટ્ર વિસ્તાર નજીક તથા બીજો ટેક્સટાઇલ પાર્ક સુરત ક્ષેત્ર નજીકમાં વિકસાવામાં આવે તો તેનાથી ગુજરાતના ટેક્સટાઇલ ઉદ્યોગને વેગ મળશે.

2. ગુજરાત ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ પછીના દાયકા માં ટેક્સટાઇલ ઉદ્યોગોનો અનેક ગણો વિકાસ થયેલ છે. જેના ફળસ્વરૂપ આનાથી વિવિધ પેટા ક્ષેત્રમાં વૃદ્ધિ થઈ છે અને રોકાણ તેમજ રોજગાર ની તકો પણ ઉભી થઈ છે. તેમજ કાપડ ક્ષેત્રને રોજગારની વિશાળ સંભાવનાઓને કારણે વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તેથી અમે ગુજરાત સરકારમાં અલગથી ટેક્સટાઇલ વિભાગની રચના કરવા વિનંતી કરીએ છીએ, જેનાથી કાપડ ક્ષેત્રની જરૂરિયાતો અને સમસ્યાઓનું અંગે જરૂરી પગલાં લઇ શકાય.

3. નવી સોલર પોલિસી 2021 માં સરકારશ્રી દ્વારા ઇલેક્ટ્રિક ડ્યુટી માટેની જોગવાઈ કરવામાં આવેલ છે, જ્યારે અગાઉ ની સોલાર, વિન્ડ અને હાઈબ્રીડ પોલિસીમાં ઈલેક્ટ્રિસિટી ડ્યુટી ની જોગવાઈ ન હતી તેથી અમારું સૂચન છે કે તમામ પ્રકારની વૈંકલ્પિક ઉર્જા (રિન્યુએબલ એનર્જી) માટે ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીની જોગવાઈ દૂર કરવી જોઈએ જેથી આ ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહે.

4. વર્તમાન ગુજરાત પવન ઉર્જા નીતિ (Gujarat Wind Policy) ની અવધિ 30 મી જૂન 2021 ના રોજ પૂર્ણ થાય છે તેથી અમે વર્તમાન નીતિની અવધિ પૂર્ણ થાય તે પહેલા નવી પોલિસી રજૂ કરવા વિનંતી કરીએ છીએ. વધુમાં જે ઉદ્યોગો ના પ્રોજેક્ટ પાઇપલાઇનમાં છે તેમને કોવિડ -19 ને કારણે વિન્ડટર્બાઇન પાર્ટ્સના સપ્લાયમાં વિલંબ થયેલ છે, માટે સરકાર નીતિ સંબંધિત અને જીઇઆરસી ફ્રેમ-વર્ક માટેના તમામ લાભ અને Gujarat Wind Policy બીજા 12 મહિના સુધી વધારવાની મંજૂરી આપવામાં આવે તેવી અમારી માંગણી છે.

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

5. ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-૨૦૧૨ અંતર્ગત રૂ. 1 પ્રતિ યુનિટ દીઠ વીજ સબસીડી આપવામાં આવતી હતી. તેને ચાલુ રાખવા તેમજ બાકીના યુનિટ પર ઈલેક્ટ્રીસીટી ડ્યુટી માફ કરવા વિનંતી છે. દા.ત, કોઈ એકમ 1000 યુનિટ કુલ વપરાશ કરે છે જેમાંથી

200 યુનિટ વૈકલ્પિક ઉર્જા થાકી ઉત્પાદન કરે છે તો તેવા કિસ્સામાં બાકીના 800 યુનિટ પર રૂ.1 યુનિટ દીઠ લેખે ઈલેક્સ્ટ્રીસીટી માફ કરવી જોઈએ આ લાભ 2012 - 2017 ની પોલિસી અંતર્ગત નોધાયેલ બધા એકમો ને કે જેઓ વૈકલ્પિક ઉર્જાનો વપરાશ કરે છે તેઓને તેનો લાભ મળવો જોઈએ.

6. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ટેક્ષટાઈલ ઉદ્યોગમાં ઉત્પન્ન થતા પ્રવાહી કચરાને ધ્યાનમાં રાખીને સ્પિનિંગ, વીવિંગ અને નીટીંગ એકમોને પણ ઓરેન્જ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે. આપ વિદિત છો તેમ સ્પિનિંગ, વીવિંગ (સાઈઝીંગ વગર) અને નીટીંગ ઉદ્યોગોમાં કોઈ પણ પ્રકારનો પ્રવાહી કચરો ઉત્પન્ન થતો નથી કારણ કે યાર્ન માટે કપાસના ગાંસડી એ કાચો માલ છે, તેમજ અને વીવિંગ અને નીટિંગ માટે યાર્ન કાચો માલ છે. અમારી વિનંતી છે કે આ હકીકત ને ધ્યાનમાં રાખીને બધા આધુનિક કોટન સ્પિનિંગમિલ્સ, વીવિંગ (સાઇઝિંગ વગર) અને નીટીંગ યુનિટોને ગ્રીન કેટેગરીમાં મૂકવું જોઈએ કારણકે, તેમના દ્વારા કોઈ પ્રવાહી કચરો છોડવામાં આવતો નથી.

7. આપશ્રી જાણો છો તે મુજબ ટેક્સટાઇલ ક્ષેત્રમોટા ભાગે રોજગારી આપતા એકમો છે, જેમાં ખાસ કરીને ગારમેન્ટ અને સ્પિનિંગ એકમો મોટી સૅંખ્યામા રોજગારી આપે છે. અમે વિનંતી કરીએ છીએ કે ટેક્સ્ટાઇલ ક્ષેત્ર માટે લેબર પોલિસીના કાયદાઓ સરળ બનાવવા જોઈએ જેમાં કામદારોને કોન્ટ્રાક્ટના ધોરણે નોકરી પર રાખવામાં સરળતા રહે કારણ કે આ ઉદ્યોગ મોટાભાગે માગ આધારિત વ્યવસાય છે.

<u>પ્રોસેસીંગ ઉદ્યોગના પ્રશ્નો</u>

1. ટેક્સટાઇલ ઉદ્યોગો દ્વારા લીક્વીડ વેસ્ટ ડિસ્ચાર્જ ની સમસ્યા માટે ટ્રીટમેન્ટ કરેલ ડિસ્ચાર્જ પાણીને પાઈપલાઈન વડે દરિયામાં પહોચાડવાની વ્યવસ્થા કરવાનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે અને તેના માટે માળખાકીય સુવિધાઓ સરકાર પુરી પાડશે અને તે માટે મૂડી ખર્ચ ઉદ્યોગો ભોગવશે. પરંતુ અમે રાજ્ય સરકારને વિનંતી કરીએ છીએ કે આ મૂડી ખર્ચ સરકારશ્રી દ્વારા ભોગવવામાં આવે અને વપરાશના પ્રમાણ માં ઉદ્યોગ પાસે થી વસુલવામાં આવે તો ઉદ્યોગો પર બિનજરૂરી મૂડી ખર્ચનું ભારણ આવે નહિ.

**Natubhai Patel**
President

**Hemant N. Shah**
Sr. Vice President

**K. I. Patel**
Vice President

**Pathik S. Patwari**
Hon. Secretary

**V. P. Vaishnav**
Hon. Secretary (R)

**Sachin K. Patel**
Hon. Treasurer


2. ગુજરાતના ચાર ઝોનમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ (ઝેડએલડી) ને ધ્યાને રાખીને રાજ્યમાં નાના-નાના કાપડ પ્રોસેસીંગ પાર્ક્સ વપરાશ મુજબ ખર્ચ ના ધોરણે બનાવવામાં આવે તેવું અમારું સૂચંન છે.

(I) સૌરાષ્ટ્ર

(II) ઉત્તર ગુજરાત

(III) મધ્ય ગુજરાત

(IV) દક્ષિણ ગુજરાત

અમારા ઉપરોક્ત સુચનોને આપશ્રી ધ્યાને લઇ સકારાત્મક યોગ્ય નિર્ણય લેશો તેવી આશા સહ

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ

સૌરીન પરીખ
ચેરમેન - ટેક્સટાઇલ ટાસ્કફોર્સ